ગાંધીનગર સમાચાર
તા. ૪-૨-૨૦૧૫, બુધવાર

તંત્રી સ્થાનેથી....

કેજરીવાલની લોકપ્રિયતા વિરુદ્ધ મોદી-બેદીનું વિઝન ડોક્યુમેન્ટ

દિલ્હીનો ચૂંટણીજંગ પરાકાષ્ઠા પર પહોંચી ગયો છે. લોકસભા અને એ પછીની રાજયોની વિધાનસભાની ચૂંટણીઓમાં ડંકો વગાડનાર ભારતી જનતા પાર્ટી માટે પાટનગરની આ ચૂંટણી પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની ગયેલ છે. નરેન્દ્ર મોદીની સામે વારાણસીમાં પડકાર બની રહેલા અરવિંદ કેજરીવાલ દિલ્હી વિધાનસભાની ચૂંટણીના સંભવિત વિજેતા તરીકે ઊપસી રહ્યા છે. દિલ્હીના વિવિધ મતવિસ્તારોમાં કરાયેલ છેલ્લા સર્વેક્ષણમાં કેજરીવાલ અને એમની પાર્ટી ભાજપ કરતાં આગળ નીકળી જતા હોવાનું તારણ આવતાં મોદીની ઊંઘ હરામ થઇ ગઇ છે. કેજરીવાલનો કાંટો કાઢવા મોદીએ ચોતરફી આક્રમણ શરૂ કરાવ્યું છે. વિરોધીઓને જડમૂળથી ઉખેડી નાખવાની રાજનીતિમાં માહેર વડાપ્રધાને કેજરીવાલ સામે દિલ્હી ભાજપમાં કોઇ સક્ષમ પ્રતિસ્પર્ધી નહીં દેખાતા પૂર્વ પોલીસ અધિકારી અને અણ્ણા-આંદોલનનાં સમર્થ એક્ટિવિસ્ટ કિરણ બેદીને મુખ્યમંત્રી પદનાં ઉમેદવાર બનાવી દઇ માસ્ટર સ્ટ્રોક લગાવ્યો હતો. પરંતુ કિરણ બેદી પ્રદેશ ભાજપના નેતાઓમાં જ અપ્રિત બની રહેતાં એ અસ્કામતને બદલે જવાબદારી બની જાય એવી સ્થિતિ સરજાઇ છે. કિરણ બેદી એમની હાથીની ગતમાં ચાલતા રહે અને ભાજપના કાર્યકર્તાઓનું ડગલે ને પગલે અપમાન કરતાં રહે તે નહીં જીરવાતા એમનાં પ્રચારકે રાજીનામું ધરી દીધું હતું, જે પાર્ટીના હાઇકમાંડની સમજાવટ બાદ પાછું ખેંચાયું હોવા છતાં કિરણ બેદીના નેતૃત્વ મુદ્દે પાર્ટીમાં ભારે અસંતોષ પ્રવર્તી રહ્યો હોવાનું પ્રત્યક્ષ પ્રમાણ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હવે આખી ચૂંટણીનો ભાર પોતાના ખભા પર ઉપાડી લીધો છે. દિલ્હીમાં ઠેર-ઠેર પ્રચારસભાઓ યોજીને પોતે 'નસીબદાર' વડાપ્રધાન હોવાની ચર્ચા કરતા રહે છે. કેજરીવાલ ખરેખર કમનસીબ તો છે જ. એમણે આંદોલન શૈલીમાં ૪૯ દિવસ સુધી દિલ્હીમાં સરકાર ચલાવી અને પ્રજાને ત્વરિત પ્રજાલક્ષી નિર્ણયોથી આંજી પણ શક્યા - પરંતુ ચૂંટણી ફંડ ઉઘરાવવાની એમની પારદર્શક શૈલીને એમના જ એક સમયના ઘટક એવા 'આવામ' નામના સ્વૈચ્છિક સંગઠને કમરતોડ પડકાર ફેંક્યો છે, જે એમના ધસમસતાં વિજયરથનાં પૈડાંની હવા કાઢી નાખે એવો છે. બે કરોડ જેવી જંગી રકમ પાર્ટીને ચૂંટણી ફંડમાં દાન કરનારી કંપનીઓનું અસ્તિત્વ ફક્ત કાગળ ઉપર જ હોવાનું કહેવાય છે. કેન્દ્રીય નાણામંત્રીએ આ બાબત અતિશય ગંભીર હોવાનું જણાવ્યું છે. બીજી તરફ દિલ્હીની તીસ હજારી કોર્ટ દ્વારા એક ફરિયાદ અંગે કેજરીવાલ સામે એકવીસમી ફેબ્રુઆરી સુધી પૂરતો રિપોર્ટ રજૂ કરવાનો આદેસ કરાયો છે : પોતાની પાસે મતદારોને આપવા જેવી લાંચની જોગવાઇ નથી, પરંતુ ભાજપ અને કોંગ્રેસ આવી લાંચ આપવા આવે તો ધરાર લઇ લેજો, પરંતુ મત આમ આદમી પાર્ટીને જ આપજો - એ મતલબના એમના નિવેદન સામે ચૂંટણીપંચ ઉપરાંત અદાલતમાં પણ ફરિયાદ કરાઇ હતી. ચૂંટણી પંચે તો ઠપકો આપીને જવા દીધા, પરંતુ અદાલતે પૂરો અહેવાલ રજૂ કરવાનો હુકમ કર્યો છે. બનવાજોગ કે કેજરીવાલ સામે એફઆઇઆર પણ નોંધવામાં આવે. ભાજપનાં 'સ્વચ્છ' કિરણ બેદી સામે કેજરીવાલને 'ખરડાયેલા' ચીતરવાની સોનેરી તક ચૂંટણી ફંડના વિવાદાસ્પત સ્ત્રોત પરથી સાંપડી રહી છે. બધા જ રાજકીય પક્ષો (જેમા ભાજપ તો સૌથી શિરમોર છે.) નાણાં તો ગોપનીય ઢબે જ ઉઘરાવતા રહે છે, પરંતુ કેજરીવાલને એમની 'પારદર્શકતા' ભારે પડી ગઇ છે. ચેકથી બે કરોડ જેવી મોટી રકમ ચૂંટણી ફંડમાં આપનાર કંપનીઓનાં સરનામાં ખોટાં છે, વળી એ કંપનીઓની કામગીરી પણ શંકાસ્પદ છે. આમ પોતાનાં જ કાળાં નાણાંને ફેરવીને સફેદ કરવાનું આ ષડયંત્ર લાગે છે. કેજરીવાલ પોતે આવકવેરા કમિશનર જેવા હોદ્દા પર કામ કરી ચૂક્યા છે, તેથી નાણાંનાં વિવાદાસ્પદ સ્ત્રોત અંગે સુપ્રીમ કોર્ટ પહોંચી સ્પેશિયલ ઇન્વેસ્ટિગેટિંગ ટીમ રચવાની ગુહાર લગાવે છતાં ચૂંટણીના ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે મતદારોમાં એમની 'સ્વચ્છ' છાપ પર ડાઘ તો લાગી જ ગયા છે. દિલ્હીના ચૂંટણી મેદાનની સૌથી નબળી ખેલાડી ગણાતી કોંગ્રેસ પાર્ટીએ વિકાસનો ઢંઢેરો રજૂ કર્યો છે, પરંતુ એને જે થોડીક બેઠકો મળવાની શક્યતા બચી છે તે માત્ર લઘુમતી વિસ્તારોમાં જ છે. ભારતીય જનતા પાર્ટી સામે કેજરીવાલે ઇવીએમ મશીનોમાં ગોટાળો કરી ગમે તે ચાંપ દબાવો તો પણ વોટ ભાજપમાં જ પડતો હોવાનો આક્ષેપ કર્યો છે. કેન્ટોનમેન્ટ વિસ્તારમાં ઇવીએમ મશીનોમાં આવી ખામી (કે ખૂબી?) પકડાઇ છે. અર્થાત્ ભાજપ યેનકેનપ્રકારેણ કેજરીવાલનો ઘડોલાડવો કરવા કૃતસંકલ્પ છે. દિલ્હીને ભાજપે મોદી-બેદીનું દિલ્હી માટેનું 'વિઝન ડોક્યુમેન્ટ' રજૂ કર્યું છે. કિરણ બેદીએ કેન્દ્ર સરકાર સાથે સંપૂર્ણ સહયોગ (એલાઇનમેન્ટ) માં રહી દિલ્હીનો સંપૂર્ણ વિકાસ કરી એને 'વિશ્વસનીય રાજધાની' બનાવવાનું વચન આપ્યું છે. દિલ્હીને સસ્તી વીજળી આપવા માટે ઇ-ગવર્નન્સ અને પારદર્શક વહીવટ આપી 'દિલ્હી સરકાર આપ કે દ્વાર' અને આકાશવાણી પર દર મહિને 'દિલ કી બાત' જેવા કાર્યક્રમો શરૂ કરવાની વાત કરી છે. દિલ્હીને વર્લ્ડ કલાસ રાજધાની બનાવવાનું વચન અપાયું છે. ચાલીસ વર્ષ પોલીસ સેવામાં ડંકો વગાડનારાં મહિલા મોદીના આ સ્વપ્નને સાકાર કરવા એમની તમામ શક્તિ સમર્પિત કરશે. એક રીતે જોતાં આ સ્વપ્નદ્રષ્ટા વડાપ્રધાનનું સ્વપ્ન છે જે કિરણ બેદી જેવાં સુશાસનપ્રેમી મુખ્યમંત્રી અમલમાં મૂકશે. જયાં જયાં ઝૂંપડપટ્ટી ત્યાં જ પાકાં મકાનનું પણ વચન અપાયું છે. મધ્યમવર્ગીય લોકને આકર્ષિત કરનારા આ 'વિઝન ડોક્યુમેન્ટ'માં મોદી-બેદીની સમન્વિત વિકાસ ફોર્મ્યુલા રજૂ થઇ છે. ભ્રષ્ટાચાર મુદ્દે 'ઝીરો ટોલરંસ' ની વાત કરીને મહિલાઓની સુરક્ષા મુદ્દે પણ આશ્વાસન અપાયું છે. અલબત્ત, છેવાડાના માણસ તરફ આ વિઝન ડોક્યુમેન્ટમાં રાજી થવા જેવું ઘણું ઓછું છે. એક રીતે આ ભાજપના અડવાણીના જમાનામાં નિષ્ફળ ગયેલ મહાજન પ્રેરિત ભૂતપૂર્વ 'ઇન્ડિયા શાઇનિંગ' નો જ અનુવાદ છે.

પ્રણવાનંદજી મહારાજની જન્મતિથિ નિમિત્તે ગજાનન સમિતિનું સેવા કાર્ય

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર સેવાભાવી સંસ્થા શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા પ્રણવાનંદજી મહરાજની જન્મ તિથિ નિમિત્તે વૃદ્ધ નિરાધર મહિલાઓને ખાદ્ય સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

દહેગામ તાલુકાના દેવકરણના મુવાડા ગામની વૃદ્ધ અને નિરાધાર મહિલાઓને જીવન જરૂરિયાત ખાદ્ય સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. નગરની ગજાનન સેવા સમિતિ દ્વારા માઘીપૂનમ અને પ્રણવાનંદજી મહારાજની જન્મ તિથિ નિમિત્તે સેવા કાર્ય કરવામાં આવ્યું હતું.

તેમજ આજુબાજુના ૧૫ ગામડાના નિરાધાર લોકોનું લીસ્ટ બનાવવામાં આવ્યું હતું. નિરાધાર મહિલાઓને મહિલા દીઠ ત્રણ કિલો ચોખાનુ દાન આપવામાં આવ્યુ હતુ. ત્યાર બાદ માધ્યમિક શાળાના ત્રણસો વિદ્યાર્થીઓને ઓરેન્જ સિરપ આપવામાં આવી હતી.

સ્કૂલ ઓફ અચિવરમાં કેમ્પ ફાયર કાર્યક્રમની ઉજવણી

ઘર પ્રત્યેક વ્યક્તિને એક જ હોય, પણ સ્કૂલ ઓફ અચિવરના વિદ્યાર્થીઓને ઘરથી દૂર એક બીજું પણ પોતીકું ઘર મળી ગયું. સ્કૂલ ઓફ અચિવરમાં તા. ૩૧ જાન્યુઆરીના રોજ સુંદર કાર્યક્રમ યોજાઈ ગયો. Home Away From Home - ઘરથી દૂર એક પોતાનું ઘર. પેરેન્ટ્સ પોતાના પાલ્યને સાંજે ૪:૩૦ વાગ્યે સ્કૂલમાં મૂકી ગયા અને બીજા દિવસે સવારે ૭ વાગ્યે પરત લઈ ગયા. તે દરમ્યાન વિદ્યાર્થીઓએ મનભરીને મજા માણી. પાણીપુરી, ભેળ, પાઉંભાજી, વગેરે શિક્ષકો અને વિદ્યાર્થીઓએ સાથે મળી બનાવી તેના આસ્વાદની સાથે સાથે કેમ્પ ફાયર અને સ્ટેજ પર સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમની રંગત પણ માણી હતી. કાર્યક્રમ પૂર્ણતઃ સ્વૈચ્છિક હોવા છતાં લગભગ ૬૦૦ જેટલી મોટી સંખ્યામાં ધોરણ-૧ થી ૮ ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વાલીઓએ પણ પૂર્ણ સંતોષ વ્યક્ત કર્યો હતો. ૬૦૦ બાળકોના એક દિવસના માતા-પિતાની ભૂમિકા ભજવનાર ૧૨૫ જેટલા શિક્ષક ભાઈ-બહેનોએ બાળકોને લાડ-દુલાર કર્યાં હતાં. સ્કૂલે આ કાર્યક્રમની સફળતા માટે શાળાના સમગ્ર સ્ટાફ તથા વિદ્યાર્થીઓના પેરેન્ટ્સ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

સમર્પણ કોલેજ દ્વારા ઈન્દ્રોડામાં સાત દિવસીય એન.એસ.એસ. શિબિરનો શુભારંભ

ગાંધીનગર, તા. ૩

સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સે. ૮, ગાંધીનગરનો વર્ષ-૨૦૧૪-૧૫ના એન.એસ.એસ. ગ્રામોત્થાન શિબિરનો ઉદ્ઘાટન સમારોહ ઈન્દ્રોડા ગામની સરકારી પ્રા. શાળા ખાતે તા. ૨૮-૧-૨૦૧૫ના રોજ યોજાયો. સાત દિવસ ચાલનારા આ શિબિરમાં ગ્રામોત્થાનની વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે સ્વચ્છતા અભિયાન, રોગ નિદાન કેમ્પ, સામાજિક-આર્થિક સર્વેક્ષણ, વિદ્યાર્થીઓ માટે વિવિધ સ્પર્ધાઓ, મહિલા જાગૃતિ તેમજ બૌદ્ધિક વ્યાખ્યાનોનું આયોજન થયું છે. ઉદ્ઘાટન સમારોહમાં અધ્યક્ષ સ્થાને જાણીતા સાહિત્યકાર-સંસ્થાના ટ્રસ્ટી ડૉ. કિશોરસિંહ સોલંકી, અતિથિવિશેષ તરીકે ઓલ ગુજરાત

આચાર્ય મહામંડળના પ્રમુખ, સાબરમતી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ અમદાવાદના આચાર્ય ડૉ. જયવંતસિંહજી સરવૈયા અને મનપા ગાંધીનગરના કોર્પો. હસમુખભાઈ મકવાણા ઉપસ્થિત રહ્યા હતા.

ઉદ્ઘાટન સમારોહના પ્રારંભે કોલેજના આચાર્ય ડૉ. ઋચાબહેન બ્રહ્મભટ્ટે ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત કર્યું અને કોલેજમાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓનો અહેવાલ આપ્યો. અતિથિવિશેષ સરવૈયાસાહેબે એન.એસ.એસ. પ્રવૃત્તિનું શિક્ષણ અને સમાજમાં કેટલું મહત્વ છે તેબાબત પર ભાર મુક્યો. અધ્યક્ષસ્થાનેથી બોલતા ડૉ. કિશોરસિંહજીએ આ પ્રવૃત્તિનો માનવીય સંદર્ભ ઉઘાડી આપ્યો. એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. ઠાકોરભાઈ નાયકે એન.એસ.એસ. પ્રવૃત્તિનો ઈતિહાસ રજુ કર્યો હતો. આભારવિધિ પ્રા. નિતેન્દ્રભાઈ પટેલે કરી હતી. સંચાલન પ્રા. રમીલાબહેન પટેલ, પ્રા. પ્રેમલભાઈ પટેલે કર્યુંહતું. શિબિરને સફળ બનાવવા પ્રા. મહેન્દ્રભાઈ મોડિયા, જે. જી. ચૌહાણ, સુરેશભાઈ વાઘેલા યોગદાન આપી રહ્યા છે.

હરિની દૃષ્ટિ...

કાકા.. પહેલા બીજી વસ્તુના ભાવ વધારવા પેટ્રોલ મોઘું કરાતું.. હવે એવી જરૂર નથી, એટલે, સસ્તુ થયું... !!

મહિલા સશક્તિકરણ પર એ.સી.પી. ડૉ. કાનન દેસાઈનું વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા. ૩

મહિલાઓ ઉપર વધી રહેલા અત્યાચારો સામે સામનો કેવી રીતે કરવો તે માટે ચૌધરી કોલેજમાં મહિલા સશક્તિકરણ વિષય પર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું.

(તસવીર : કશ્યપ નિમાવત)

સેક્ટર-૭માં આવેલ ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં મહિલા સશક્તિકરણ વિષય પર એ.સી.પી. ડૉ. કાનન દેસાઈનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. દેસાઈએ જણાવ્યું હતું કે યુવતિઓ ઉપર વધી રહેલા અત્યાચારો ગંભીર બાબત છે. ત્યારે તેમણે અત્યાચારથી બચવા માટેની જાણકારી આપી હતી.

વધુમાં દેસાઈએ જણાવ્યું હતું કે યુવતિઓને મહિલા હેલ્પલાઈન નંબર અને મહિલાઓ માટેના કાયદા જાણવાની વાત કરી હતી. તેમજ સંકટ સમયે લડવા માટેની ટેકનીક બતાવી હતી. આ પૂર્વે સંસ્થાના ઉપપ્રમુખ માધુભાઈ ચૌધરીએ ડૉ. દેસાઈનું સુતરની આંટી પહેરાવી સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે સી.ડબલ્યુ.ડી.સી.ના કો-ઓર્ડિનેટર ડૉ. લીના સ્વાદિયા, કુ. તેજલ પટેલ સહિત સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

રક્તદાન મહાદાન

એક કવિ થા ઐસા, જો તીરથ જૈસા પૂજાયા, કરે કલ્યાણ સબકા, નામ હે ઉસદા રવિદાસા

વિચારોના મધુવનમાં

પ્રા. ડૉ. રાકેશ પટેલ

પ્રભુજી તુમ મોતી હમ ધાગા?
જૈસે સોનહિ મિલત સુહાગા??

ભારતની ઓળખ તેની સંત પરંપરા વિના અધૂરી છે. નરસિંહ કે મીરા વગર આ દેશ જાગતો નથી અને કબીર કે રવિદાસના ઉપદેશ વિના સૂતો નથી. જયારે લોકોમાં અનેક પ્રકારની અંધશ્રદ્ધા ઘર બનાવીને રહેતી, (જો કે આજે પણ નહિવત સ્વરૂપે છે!) ત્યારે સૂર્યની જેમ આવીને સંતોએ લોકોને જગાડ્યા. આવા સંતોની કસોટી પોતાના જ લોકોએ ખૂબ લીધી. સમય પણ જાણે અદેખાઇ કરતો હોય તેમ ડગલે અને પગલે ચાલી આવતી ધૂર્ત પરંપરાઓ સંતોને ટપારતી જ રહી. જળ અને અન્ન જેવી ઐશ્વર્યવાન ચીજવસ્તુઓ માટે સમાજે ઉભી કરેલી દિવાલોને આ ઓલિયાઓએ રોજ ઠેકવાની. છતાં, આ પળોજણોની વચ્ચે નિજ-પ્રવૃત્તિ કે ભક્તિ-સાધના તો કરતા જ જવાની! વિચાર આવે કે કઇ માટીના બન્યા હશે આ મહામાનવીઓ? લાગે છે ઇશ્વર તેમનો બેલીડો અને અંતરાત્મા સાથીડો બની રહેતો હશે!

પ્રાચીનકાળથી જ ભારતમાં વિભિન્ન ધર્મો તથા મતોના અનુયાયી વસે છે. બધામાં મેળ-જોળ અને ભાઈચારો વધારવા માટે સંતો એ સદા મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. આવા સંતોમાં રૈદાસ નું નામ અગ્રેસર છે. તેઓ સંત કબીર ના ગુરૂભાઈ હતા કેમ કે તેમના ગુરુ પણ સ્વામી રામાનંદ હતાં. સંત કવિ રવિદાસ એવા મહાન સર્જક અને સંત હતા, જેમણે તેમની રચનાના માધ્યમથી સમાજમાં ફેલાયેલી બૂરાઈને દૂર કરવાનો પ્રયાસ કર્યો હતો. તેમની રચનાઓ લોકબોલીમાં હોવાથી તે બહુ જલદી લોકોને પ્રભાવિત કરી શકતા હતા. આ રીતે તેમની કૃતિ દ્વારા રવિદાસે સમાજમાં જ્ઞાનનો પ્રકાશ ફેલાવીને લોકોને સાચો ધર્મ સમજાવ્યો હતો. પ્રાચીન સમયમાં ભારતમાં જુદા જુદા ધર્મ અને ધર્મ સંદર્ભે મતભેદ જોવા મળતા હતા. આવા સમયે સંત રવિદાસ જે રૈદાસના નામે પણ ઓળખાય છે તેમણે લોકોને ધર્મમાં રહેવા તથા મતભેદને દૂર કરીને સમભાવ રાખવા સમજાવ્યું. સંત રવિદાસ અને કબીરદાસ બંને ગુરુભાઈઓ હતા, કારણ કે બંનેના ગુરુ સ્વામી રામાનંદ હતા. તેમના વિચારો નો આશય એ જ છે કે ઈશ્વર ની ભક્તિ ઘણા ભાગ્ય થી પ્રાઝ થાય છે. અભિમાન શૂન્ય રહી કામ કરવા વાળા વ્યક્તિ જીવનમાં સફળ રહે છે જેમ કે વિશાળકાય હાથી સાકર ના કણોં ને ચુસવામાં અસમર્થ રહે છે પણ લઘુ શરીર ની પિપીલિકા (કીડી) આ કણોં ને સરળતાપૂર્વક ચુસી લેતી છે. તે પ્રકારે અભિમાન તથા મોટાઈ નો ભાવ ત્યાગી વિનમ્રતાપૂર્વક આચરણ કરવા વાળા મનુષ્ય જ ઈશ્વર નો ભક્ત હોઈ શકે છે.

સંત રવિદાસનો જન્મ વિ. સં. ૧૪૩૩માં મહા સુદ પૂનમના દિવસે કાશીનગરી નજીક માંડુર ગામે થયો હતો તેવું પરંપરાથી કહેવાય છે. તેમની માતાનું નામ કર્માદેવી અને પિતાનું નામ સંતોખદાસ હતું. તેમનો જન્મ થયો તે દિવસે રવિવાર હતો એટલે તેમનું નામ રવિદાસ રાખવામાં આવ્યું. પાછળથી તે રૈદાસ નામે વધુ પ્રચલિત થયા. તેમના પિતાને પગરખાં બનાવવાનો વ્યવસાય હતો, તેથી રવિદાસ પણ આ જ વ્યવસાયમાં પિતા સાથે જોડાઈ ગયા. રવિદાસની સમયપાલનતા અને મધુર વ્યવહારથી સૌ કોઈ પ્રભાવિત થતાં. તેઓ ખૂબ જ દયાળુ અને સેવાભાવી પણ હતા. સાધુ-સંતોની સેવા કરવામાં તેમને બાળપણથી જ આત્મસંતોષ મળતો. તેઓ વ્યવસાય અને ભજન-સત્સંગ કરતા. આખો દિવસ જોડાં સીવીને સાંજ પડવા આવે ત્યાં કોઈ ગરીબ ઉઘાડા પગે આવે તો રવિદાસજી તેમને મફતમાં જોડાં આપી દેતા. જયારે તેમના પિતાને આ વાતની ખબર પડી ત્યારે તેઓ ગુસ્સે થયા. ત્યારબાદ તેમના પિતાએ ઘરની પાછળ ખુલ્લી જગ્યામાં એક નાની એવી ઝૂંપડી બનાવી દીધી અને રવિદાસજીને પત્ની સાથે અલગ રહેવાની આજ્ઞા કરી. રવિદાસજી જુદા રહેવા લાગ્યા. તેઓ હરિ નામ લેતાં-લેતાં જોડાં સીવતા અને તેમાંથી જે કંઈ આવે તેમાં ઘર ચલાવતા તથા આંગણે આવેલા સાધુ-સંતને જમાડીને સત્સંગ કરતા. આ તેમનું નિત્ય કર્મ થઈ ગયું હતું. તેઓ સાધુ-સંતોને પ્રેમથી પગરખાં બનાવીને મફતમાં જ આપી દેતા. જેથી તેમના પિતા નારાજ થઈ જતા.

સંત રવિદાસનું આધ્યાત્મિક ચિંતન તેમના સાહિત્ય સર્જનમાં જોવા મળે છે. તેમણે પોતાના સાહિત્ય સર્જન દ્વારા હળીમળીને, પ્રેમ અને સદ્ભાવથી રહેવાનો સંદેશ આપ્યો છે. આજે પણ રવિદાસનો ઉપદેશ સમાજના કલ્યાણ અને ઉત્થાન માટે તે સમય જેટલો જ અસરકારક છે. રવિદાસ એવું માનતા કે મનુષ્ય જન્મથી નહી, પણ કર્મથી અને તેના શ્રેષ્ઠ ચિંતનથી જ મહાન બને છે. રવિદાસને જેટલો ભાવ ધર્મ પ્રત્યે હતો તેટલી જ કર્તવ્યનિષ્ઠા તેમને તેમના વ્યવસાય પ્રત્યે પણ હતી. એક વખત બધા જ લોકો ગંગાસ્નાન કરવા માટે જતા હતા. રવિદાસને પણ સૌએ કહ્યું કે તમે પણ ગંગાસ્નાન કરવા ચાલો, પણ રવિદાસે કહ્યું કે મારે એક પગરખાંની જોડી બનાવીને આપવાની છે. મેં જે સમયે કહ્યું તે સમયે જો જોડી ન આપી શકું તો વચનભંગ થાય. મારે પહેલાં મારું એ કર્તવ્ય પૂરું કરવું છે. ગંગાસ્નાન કરવા કરતાં વધારે એ મહત્ત્વનું છે. આ રીતે સંત રવિદાસે લોકોને આચરણ દ્વારા કર્તવ્યને ન ચૂકવાનું પણ સમજાવ્યું હતું. મન ચંગા તો કથરોટ મેં ગંગા' એવી પંક્તિથી તેમણે લોકોનાં મનને પ્રભુના સ્મરણમાં જોડવાની અને કર્તવ્યપથ પર આગળ વધવાની પ્રેરણા આપી હતી. સંત રવિદાસ સંવત ૧૫૮૪ ચૌદશને દિવસે દિવ્યલોક સિધાવી ગયા, પણ તે તેમની દિવ્ય રચના દ્વારા આજે પણ જીવંત છે.

ભારતની મધ્યકાલિન સંત પરંપરામાં રવિદાસજીનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે. તેમને લોકો રૈદાસ કે રોહિદાસ તરીકે પણ ઓળખે છે. તેઓ સાધુ-સંતન આંગણે આવે તો પ્રેમપૂર્વક જમાડતા. ત્યારબાદ તેમની સાથે બેસીને ભજન-સત્સંગ કરતા. લગ્ન લાયક ઉંમર થતાં ભગવતીદેવી સાથે તેમનાં લગ્ન થયાં. સાહિત્યના ઇતિહાસમાં મધ્યકાલ ભક્તિકાલના નામથી પ્રખ્યાત હતો. આ કાળમાં અનેક સંત તથા ભક્તકવિ થયા, જેમણે ભારતીય સમાજમાં વ્યાઝ અનેક કુરિવાજોને સમાઝ કરવાનો પ્રયત્ન કર્યો. સત્સંગ દ્વારા તેમણે પોતાના વિચારોને લોકો સુધી પહોંચાડયા હતા. રવિદાસજી પોતાનાં પદોમાં કલ્પના, આધ્યાત્મિક શક્તિ તથા પોતાના ચિંતનને સહજ તથા સરળ ભાષામાં વ્યક્ત કરતા હતા. રવિદાસજીના પદમાં રહેલા ભાવને સમજવા ખૂબ જ સરળ છે, રવિદાસજીને રામભક્ત અને કૃષ્ણભક્ત પરંપરાના કવિ અને સંત કહેવામાં આવે છે. તેમના પ્રસિદ્ધ દોહા આજે પણ સમાજમાં પ્રચલિત છે, જેના પર અનેક ભજનો બન્યાં છે. સંત રવિદાસ જયંતી દેશભરમાં ધૂમધામથી અને ઉત્સાહથી ઉજવવામાં આવે છે.

કાશી નગરીમાં ગંગા સ્નાન માટે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય માટે અલગ ઘાટ હતો અને શુદ્રો માટે પણ અલગ ઘાટ હતો. આ જોઈને બ્રાહ્મણોને પાઠ ભણાવવા માટે રોહિદાસે બ્રાહ્મણોના ઘાટ પર જઈને સ્નાન કર્યું. આ જાણીને બ્રાહ્મણો ક્રોધે ભરાયા અને કહેવા લાગ્યા કે તેં અમારો ઘાટ અભડાવ્યો છે તું અહિંથી ચાલ્યો જા નહિતર તારો જીવ ગુમાવીશ. ત્યારે રોહિદાસે કહ્યું કે આપણો આત્મા સરખો છે. શરીર સરખું છે લોહીનો રંગ સરખો છે પછી ઉંચનીચનો ભેદ શા માટે? સૂતરની જનોઈ ધારણ કરવાથી બ્રાહ્મણ કહેવાતો નથી. જે બ્રહ્મને જાણે છે તે બ્રાહ્મણ કહેવાય છે. દરેક બ્રાહ્મણ જન્મ થયા પછી જનોઈ ધારણ કરે છે પરંતુ હું તો જનોઈ સાથે જન્મ્યો છું એમ કહીને રોહિદાસે પોતાનું ડાબું અંગ ચીરી નાખ્યું તો અંદર સોનાની સાત સેરની જનોઈ દેખાઈ અને તેના પર ગંગાજળ અને દૂધનો અભિષેક થતો હતો આ જોઈ બ્રાહ્મણો ચકિત થઈ ગયા અને અંદરો અંદર શરમાવા લાગ્યા. ગુરૂ રામાનંદ પાસેથી ઉપદેશ મેળવી તેમણે ધર્મપ્રચાર શરૂ કર્યો. કારતકી પૂનમના દિવસે સૌ ગંગાસ્નાન માટે જતા હતા ત્યારે રોહિદાસે બ્રાહ્મણ સંઘને કહ્યું કે હે પંડિતો આ શ્રીફળ અને ટકો ગંગામૈયાને અર્પણ કરજો અને હાથ લંબાવીને લે તો જ આપજો નહિ તો પાછું લાવજો. જે આપે તે લેતા આવજો. સૌ બ્રાહ્મણો આવું સાંભળીને હસવા લાગ્યા અને કહેવા લાગ્યા કે ગંગાજીએ આજ સુધી કોઈને દર્શન આપ્યા નથી કે કાંઈ સ્વીકાર્યું નથી. આ બુદ્ધુ ગમાર ભગત વાહિયાત વાતો કરે છે. તેઓ ગંગાસ્નાન કરીને રોહિદાસનું શ્રીફળ અને ટકો (નાણું) અર્પણ કરવા લાગ્યા એટલે ગંગા મૈયા પ્રગટ થયાં અને રોહિદાસનું શ્રીફળ અને ટકો સ્વીકાર્યો તથા રત્નજડિત કંગન આપીને બ્રાહ્મણોને કહ્યું કે આ રોહિદાસને આપજો તે મારો પરમ ભક્ત છે. યુગોયુગથી મારો ઉપાસક છે. શંકા કરશો નહિ. બ્રાહ્મણો રોહિદાસના ગામ આવ્યા અને કંગન આપ્યું. રોહિદાસે ગંગાસ્મરણ કરીને સ્વીકાર્યું. બ્રાહ્મણો શરમથી ઝૂકી ગયા.

સંત રોહિદાસ સૂર્ય ઉપાસક હતા અને વૈદિક જ્ઞાન ધરાવતા હતા. તેમની ખ્યાતિ સાંભળીને કબીરજી કસોટી કરવા આવ્યા. અગમનિગમ અને આધ્યાત્મિક ચર્ચામાં કબીરે હાર સ્વીકારી ગોરખનાથ અને સદના કસાઈએ રોહિદાસને જ્ઞાન ચર્ચામાં હરાવવા ખૂબ પ્રયત્ન કર્યો પરંતુ તેઓ છેવટે હાર પામ્યા. દિલ્હીના બાદશાહ લોઢી સિકંદરને પણ કુદરતી ચમત્કાર બતાવીને તેને દંભ, અભિમાન અને મદમાંથી મુક્ત કર્યા હતા.તેઓ રોહિદાસના શિષ્ય બની ગયા. રાણાજીની કપરી કસોટીમાંથી પસાર થઈને મીરાંબાઈ રોહિદાસના પરમ શિષ્યા બન્યા હતા ત્યારબાદ ચિતોડની મહારાણી યોગવતીએ ધામધૂમથી સામૈયું કાઢીને હજારો બ્રાહ્મણો અને દેશવિદેશના પંડિતો સમક્ષ સંત રોહિદાસને ગુરૂ બનાવ્યા હતા. તે સમયે ઘણા રાજકુમારો અને અન્ય સમાજના લોકો પણ તેમના શિષ્ય બન્યા હતા.

તેઓ સર્વ ધર્મની ભાવનાવાળા હોવાથી તમામ ધર્મોનું જ્ઞાન ધરાવતા હતા. ધર્મપ્રચાર કરીને તેમણે પોતાની ફરજ અને કાર્ય પૂરૂં કર્યું. લોકોને સાચો માર્ગ બતાવી માનવતાનું કાર્ય પૂર્ણ કરીને સંત રોહિદાસે ગંગામૈયાના પવિત્ર કિનારે સમાધિ લીધી. પરમ પુણ્યકારક આત્મા પરમ તેજમાં સમાઈ ગયો. બ્રહ્મત્વ બ્રહ્મમાં સમાઈ ગયું. તેમણે સ્વતંત્રતા, સમાનતા, ભાઈચારો, પ્રેમ અને કરૂણાનો સંદેશો ફેલાવ્યો હતો. તેમણે ભગવાન બુદ્ધની જેમ કહ્યું હતું કે માણસ જન્મથી મહાન નથી પણ કર્મથી મહાન છે . તેઓ વિશ્વબંધુત્વના ચાહક હતા. ભારતમાં તેમનો જન્મદિવસ ધામધૂમથી ઉજવાય છે. ગુજરાતમાં સંત રોહિદાસના નામે જાણીતા છે અન્ય રાજયોમાં રવિદાસ તથા સંત રૈદાસના નામે જાણીતા છે. સંત કુલભૂષણ કવિ રૈદાસ તે મહાન સંતોમાં અગ્રણી હતાં જેમણે પોતાની રચનાઓના માધ્યમથી સમાજમાં વ્યાઝ બુરાઈઓ ને દૂર કરવામાં મહત્વપૂર્ણ યોગદાન કર્યું. તેમની રચનાઓની વિશેષતા લોક-વાણી નો અદ્વિતીય પ્રયોગ રઝ્ઝો છે જેનાથી જનમાનસ પર અમિટ પ્રભાવ પડે છે. મધુર અને સહજ સંત રૈદાસ ની વાણી જ્ઞાનાશ્રયી હોતા પણ જ્ઞાનાશ્રયી અને પ્રેમાશ્રયી શાખાઓના મધ્યસેતુ જેવી છે.